# જ્ઞાનકુંજ વર્ગમાં  થ્રી ડી ફિલ્મ વિડીયો નિદર્શન...

**વાઘજીપુર પે.સે.શાળા   તા : કપડવંજ , જિ : ખેડા        તા : ૨૩/૦૧/૧૮**














ગુજરાત સરકારના સરાહનીય કહી શકાય તેવા **જ્ઞાનકુંજ** વર્ગો દિવસેને દિવસે ખૂબ જ સુંદર રીતે ટેકનોલોજીના માધ્યમથી શિક્ષણની આખી પ્રક્રિયામાં આમૂલ પરિવર્તન લાવી રહયા છે. આજ રોજ વાઘજીપુર શાળામાં ચાલી રહેલા જ્ઞાનકુંજ વર્ગમાં અપાયેલ પ્રોજેકટરના થ્રી ડાયમેન્સન વિડીયો  ફિચરના ઉપયોગથી શાળાના ધોરણ ૭ અને ૮ ના બાળકોને લાઈવ થ્રી ડી વિડીયો બતાવવામાં આવ્યા.સરકારી શાળાના બાળકોને શાળામાં જ થ્રી ડી ફિલ્મ જોવા મળે તેવી જિલ્લાની આ પહેલી ઘટના બની.જેણે અમારા બાળકોને ટેકનોલોજીનો નવો પરિચય કરાવ્યો.

આ જ દિશામાં અમારી શાળાએ શાળાના બાળકોને થ્રી ડી ફિલ્મ તથા વિજ્ઞાન વિષયના પણ કેટલાક વિડીયો બતાવવા માટે થ્રી ડી ચશ્માની વ્યવસ્થા કરી.બાદ ઈન્ટરનેટની મદદથી જુદા જુદા થ્રી ડી વિડીયો અને ફિલ્મ ડાઉનલોડ કર્યા.બાદમાં એક એક વર્ગોને બેસાડીને આ વિડીયો બતાવવામાં આવ્યા.ગામડાના બાળકોનો આ પહેલો અનુભવ હતો.તેમણે આજદિન સુધી થ્રી ડી ફિલ્મો અને થીયેટરોની માત્ર વાતો જ સાંભળેલ.તેનો જીવંત અનુભવ કરી તેઓની ખુશીનો પાર નહોતો.શાળાએ આ જોઈ **આવો જ આહલાદક અનુભવ તાલુકાની બીજી શાળાઓના બાળકોને પણ મળી રહે તે માટે રજાના દિવસે  પણ શાળામાં થ્રી ડી ફિલ્મ વિના મૂલ્ય બતાવવાની જાહેરાત કરી છે.**જેથી શાળાના બાળકોના શિક્ષણકાર્યને કોઈ નુકસાન ન થાય.તેની સાથે સાથે ૨૬ મા જાન્યુઆરીના દિવસે તમામ વાલીશ્રીઓને પણ તેનો અનુભવ કરાવવામાં આવશે. આમ ધીમે ધીમે સરકારી શાળાઓ ખાનગી શાળઓને પણ પાછળ છોડી રહી છે.હવે ગામના વાલીઓ ગર્વભેર કહે છે કે એકવાર અમારી પ્રાથમિક શાળાની મુલાકાત તો લો.પછી ખાનગી શાળામાં બાળકને મુકશો નહી જ.સરકારશ્રીએ અમારા પર મુકેલા વિશ્વાસ પર ખરા ઉતરવા માટે સૌ શિક્ષક મિત્રો ખૂબ જ પ્રયત્નો કરી રહયા છે.મારી શાળાના બાળકો ખૂબ જ નસીબદાર છે કે જ્ઞાનકુંજ જેવા શ્રેષ્ઠ પ્રોજેકટનો લાભ અમને મળ્યો.બસ શાળાની પ્રગતિ એ જ અમારૂ ઈનામ...

**ચૌહાણ કુલદીપસિંહ બી.**

**મુખ્ય શિક્ષક,**

વાઘજીપુર પે.સે.શાળા